# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

------------------------------------------------------------

- ✓ લોકસભાના બીજા તબક્કા માટે પ્રચાર અભિયાનના અંતિમ દિવસે આજે તમામ રાજકીય પક્ષોએ સભા, રેલીઓ કરીને મતદાતાઓને રિઝવવાનો પ્રયાસ કર્યો.
- ✓ સર્વોચ્ચ ન્યાયાલયે વોટર વેરિફિએબલ પેપર ઑડિટ ટ્રેલ – **VVPAT**ની પેપર સ્લીપ સાથે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશિનો **(EVM)**માં મતોની ગણતરીની ચોક્કસ સત્યાપનની માંગણી કરતી અરજી પર સુનાવણી કરતા ચુકાદો સુરક્ષિત રાખ્યો છે.
- ✓ ભારત-જાપાન મસલતી સમિતિની દસમા દોરની બેઠક આજે ટોકિયોમાં યોજાઇ ગઇ.
- ✓ મિઝોરમમાં ફરીવાર આફ્રિકન સ્વાઇન ફીવર એ.એસ.એફ. ત્રાટકતાં સમગ્ર રાજ્યમાં હાઇએલર્ટની જાહેરાત કરવામાં આવી છે.
- ✓ શાંઘાઇ તિરંદાજી વિશ્વ કપ સ્ટેજ વનમાં ભારતીય પુરૂષો અને મહિલાઓની સંયુક્ત ટીમ આજે ફાયનલ્સમાં પહોંચી ગઇ છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SECOND PHASE UPDATE

લોકસભાના બીજા તબક્કા માટે પ્રચાર અભિયાનના અંતિમ દિવસે આજે તમામ રાજકીય પક્ષોએ સભા, રેલીઓ કરીને મતદાતાઓને રિઝવવાનો પ્રયાસ કર્યો.

બીજા તબક્કામાં કુલ 89 બેઠકો માટે મતદાન થશે. જેમાં કેરળની તમામ 20 બેઠકો, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની 8, મધ્ય પ્રદેશની 7, અસમ અને બિહારની 5, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢની 3, જ્યારે કે ત્રિપુરા, જમ્મુ અને કાશ્મીરની એક-એક બેઠક પર આ શુક્રવારે મતદાન હાથ ધરવામાં આવશે. શુક્રવારે મણિપુર બાહ્યની 13 વિધાનસભા બેઠકો માટે પણ મતદાન થશે.

.................

# SUPREME COURT- EVM VVPAT

સર્વોચ્ચ ન્યાયાલયે વોટર વેરિફિએબલ પેપર ઑડિટ ટ્રેલ – **VVPAT**ની પેપર સ્લીપ સાથે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશિનો **(EVM)**માં મતોની ગણતરીની ચોક્કસ સત્યાપનની માંગણી કરતી અરજી પર સુનાવણી કરતા ચુકાદો સુરક્ષિત રાખ્યો છે.

ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ દીપાંકર દત્તાની ખંઠપીઠે EVMની કાર્યપ્રણાલી વિશે ભારતીય ચૂંટણી પંચને કેટલાક સવાલો પૂછ્યા હતા. સુનાવણી દરમિયાન બેંચે EVM અને VVPATની કાર્ય પ્રણાલીની સુરક્ષા સુવિધાઓને સમજવા માટે ચૂંટણી પંચના અધિકારીઓ સાથે વ્યાપક વાતચીત કરી હતી. આ મુદ્દે ચૂંટણી પંચે આશ્વાસન આપ્યું છે કે કોઈ પણ સ્તરે EVM સાથે ચેડા અશક્ય છે. ચૂંટણી પંચે કહ્યું કે અત્યાર સુધીમાં ખરાઈની 41 હજાર, 629 ઘટનાઓ સામે આવી છે, અને ચાર કરોડથી વધારે VVPAT પેપર સ્લીપને મેળવવામાં આવી છે.

.................

## PM - MP

પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે મધ્યપ્રદેશ તેમજ સમગ્ર દેશમાં ભાજપ સત્તા પર આવ્યા પછી વિકાસ થયો છે. તેઓ મધ્યપ્રદેશના સાગરમાં બારતૂમામાં એક જાહેર સભાને સંબોધન કરી રહ્યા હતા.

નરેન્દ્ર મોદીએ ધર્મને આધારે અનામત પ્રથાનો વિરોધ કરતાં કહ્યું કે આપણું બંધારણ ધર્મને આધારે અનામત નથી આપતું.

સાગર પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બૈતૂલ લોકસભા ક્ષેત્રના હરદા જીલ્લાના અબાગાંવ ખુર્દમાં જાહેરસભાને સંબોધન કરશે, તેમજ મોડી સાંજે ભોપાલમાં રોડ શો કરશે.

.................

# *KERAL _ AMIT SHAH*

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કૉંગ્રેસ તેમજ ડાબેરી પક્ષો પર પીપલ્સ ફ્રન્ટ ઑફ ઇન્ડિયા- **PFI** અને **SDPI** જેવી રાષ્ટ્રવિરોધી તાકાતોને સમર્થન આપવાનો આરોપ મૂક્યો છે.

અમિત શાહે આજે અલાપ્પુઝામાં એક સભાને સંબોધન કરતા આરોપ મૂક્યો કે આ બંને પાર્ટીઓએ અલ્પસંખ્યક વોટ બૅંકને પોષવા માટે કેરળમાં આતંકવાદને પ્રોત્સાહન આપ્યું. વધુમાં તેમણે ઉમેર્યું કે ભજપના શાસનમાં **PFI** જેવા સંગઠનોને પોષવામાં નહીં આવે. શ્રી શાહે ભારત પરમાણુ શક્તિ સંપન્ન હોવા બદલ **CPI-M**ના વિરોધની ટીકા કરીને કહ્યું કે દેશ રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં પરમાણુ શક્તિ બની રહેશે.

.................

# *RAHUL _ MENIFESTO*

**કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની પાર્ટીના ચૂંટણી ઢંઢેરાથી અસ્વસ્થ થઈ ગયા છે. કૉંગ્રેસ પાર્ટીના સામાજિક ન્યાય સંમેલનને સંબોધીત કરતા શ્રી રાહુલ ગાંધીએ દાવો કર્યો કે....પાર્ટીના ચૂંટણી ઢંઢેરાથી પ્રધાનમંત્રી અસ્વસ્થ થઈ ગયા છે. રાહુલ ગાંધીનું આ નિવેદન પ્રધાનમંત્રી મોદીની પ્રતિક્રિયા બાદ આવ્યું છે. શ્રી મોદીએ આરોપ મૂક્યો હતો કે કૉંગ્રેસ પાર્ટી લોકોની**

**સંપત્તિ વિભાજીત કરવાની યોજના બનાવી રહી છે. વાસ્તવમાં સમગ્ર વિવાદ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં પૈતૃક સંપત્તિના સર્વે કરાવવાના વચનને લઈને ઉભો થયો છે.**

**કોંગ્રેસે આ મહિનાની શરૂઆતમાં ન્યાય પત્ર નામે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. આ ઢંઢેરામાં પાંચ ન્યાય અને પચ્ચીસ ગેરેંટી પર વિશેષ ભાર મૂક્યો છે.**

.................

## RAHUL GANDHI

**કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે સમાજમાં પરિવર્તન લાવવા માટે ગહન વિચાર અને કાનૂની આધાર મહત્વના છે. તેઓ દિલ્હીમાં કોંગ્રેસ દ્વારા આયોજીત સામાજીક ન્યાય સંમેલનને સંબોધન કરી રહ્યા હતા. આ સંમેલનને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પણ સંબોધન કર્યું.**

.................

## *BIHAR CAMPAIGN*

બિહારમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં પાંચ સંસદીય બેઠકો માટે આજે પ્રચારનો અતિંમ દિવસ હતો. મતદાતાઓને રિઝવવા માટે એનડીએ અને મહાગઠબંધનના નેતાઓ લોકસભાઓ કરી રહ્યા છે.

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ આજે જનતા દળ યુનાઇટેડના ઉમેદવારના સમર્થનમાં ભાગલપુરમાં સભા સંબોધી હતી. શ્રી નડ્ડાએ આરોપ મૂક્યો કે રાહુલ ગાંધી પરિવારથી લઈને લાલુ પ્રસાદ યાદવ સુધી ભારતીય ગઠબંધન વંશવાદી પાર્ટીઓનો જમાવડો છે. તેમણે આરોપ મૂક્યો કે **INDIA** ગઠબંધન નીચે આવેલા તમામ વિપક્ષી દળો ભ્રષ્ટાચારના આરોપો પર તેમની વિરુદ્ધ કાર્યવાહીથી ડરી ગયા છે. વધુમાં શ્રી નડ્ડાએ ઉમેર્યું કે પ્રધાનમંત્રી મોદીએ લોકોમાં રાજકારણ પ્રત્યે વિશ્વાસ અપાવ્યો છે.

ભારતીય જનતા પાર્ટી, જનતા દળ યુનાઇટેડ, લોક જન શક્તિ પાર્ટી અને રાષ્ટ્રીય લોક મોર્ચાના અન્ય નેતાઓ પણ એનડી ઉમેદવારોના સમર્થનમાં રોડ શો તેમજ સભાઓ કરી રહ્યા છે.

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં 26 એપ્રિલના રોજ ભાગલપુર, કટિહાર, બાંકા, કિશનગંજ અને પૂર્ણિયા બેઠક પર મતદાન થશે.

.................

## *PRESI _ DEHRADUN*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આબોહવાના પરિવર્તનને ગંભીર વિષય ગણાવતા.... તેની અસરથી બચાવ માટે માટે વન સંરક્ષણની ભૂમિકા પર ભાર મૂક્યો છે. રાષ્ટ્રપતિએ આજે દહેરાદૂનના વન સંશોધન સંસ્થાનમાં ભારતીય વન સેવાના પરીક્ષાર્થી અધિકારીઓના પદવીદાન સમારોહને સંબોધન કર્યું હતું. શ્રી મુર્મુએ કહ્યું કે માનવ જાતિ જાણી જોઈને વનના મહત્વને અવગણી રહી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે

મનુષ્ય પૃથ્વીના અમૂલ્ય સંસાધનોના માલિક નહીં પરંતુ સંરક્ષક છે. આ પદવીદાન સમારોહમાં ઇંદિરા ગાંધી રાષ્ટ્રીય વન અકાદમી **2022-24**ના કોર્સના **99** અધિકારીઓનેપરીક્ષા બાદ સ્નાતક ડીગ્રી આપવામાં આવી.

................

## *INDIA - JAPAN*

ભારત-જાપાન મસલતી સમિતિની દસમા દોરની બેઠક આજે ટોકિયોમાં યોજાઇ ગઇ. તેમાં નિઃશસ્ત્રીકરણ, પરમાણુ- અપ્રસાર અને નિકાસ નિયંત્રણ જેવા મુદ્દાઓ વિષે ચર્ચા કરવામાં આવી. બંને પક્ષોએ પરમાણુ, રાસાયણિક અને જૈવિક શસ્ત્રોના અપ્રસાર, અવકાશ સુરક્ષા, પરંપરાગત શસ્ત્રો તેમજ તેની નિકાસ પરના નિયંત્રણ જેવા મુદ્દાઓમાં થયેલી પ્રગતિ વિષે મંતવ્યોની આપ-લે કરી.

આ વાટાઘાટોમાં ભારતીય પક્ષનું નેતૃત્વ વિદેશ મંત્રાલયમાં નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સલામતીને લગતી બાબતો માટેના સંયુક્ત સચિવ, મુઆનપુઇ સૈયાવીએ કર્યું. જ્યારે જાપાનના પ્રતિનિધિમંડલના વડપણે વિદેશ મંત્રાલયમાં નિઃશસ્ત્રીકરણ, અપ્રસાર અને વિજ્ઞાન વિભાગના મહાનિયામક કાત્સુરો કિતાગાવા હતા.

................

# *MIZORAM AFRICAN SWINE FLUE*

મિઝોરમમાં ફરીવાર આફ્રિકન સ્વાઇન ફીવર એ.એસ.એફ. ત્રાટકતાં સમગ્ર રાજ્યમાં હાઇએલર્ટની જાહેરાત કરવામાં આવી છે.  મિઝોરમમાં આ રોગને કારણે 174 સુવરનાં મોત થયા છે. મિઝોરમના ઐઝવાલ, ચમ્ફાઇ અને સાઇટ્યૂઅલ જિલ્લાઓમાં આફ્રિકન સ્વાઇન ફીવર રોગ ફેલાયો હોવાનું સત્તાવાર ધોરણે જણાવવામાં આવ્યું છે. પશુપાલન અને પશુચિકિત્સા વિભાગે રાજ્યના કેટલા ગામે અને વિસ્તારો આ રોગમાં સપડાયા હોવાનું જાહેર કર્યું છે. તેને પગલે તે ગામો અને વિસ્તારોમાંથી સુવરની નિકાસ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. તે ઉપરાંત સુવરના વેચાણ તેમજ તેની કતલ અને સુવરના માસંના વેચાણ તેમજ તેની નિકાસ પર પણ પ્રતિબંધ ફરમાવ્યો છે.

આફ્રિકન સ્વાઇન ફીવર મિઝોરમમાં 2021માં ફેલાયો હતો, મે – 2023 થી એપ્રિલ 2024 દરમિયાન મિઝોરમમાં આફ્રિકન સ્વાઇન ફીવરને કારમે 1213 સુવર માર્યા ગયા છે.

.................

# *IPL*

**IPL** ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં થઈ રહ્યો છે. ગુજરાત ટાયટન્સે ટોસ જીતીને  ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં ગુજરાત ટાઈટન્સ પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને જ્યારે દિલ્લી કેપિટલ્સ આઠમાં સ્થાન પર છે.

.................

## *MANALI – NATIONAL HIGHWAY*

ગયા વર્ષના નવેમ્બરમાં બરફ વર્ષા પછી બંધ કરવામાં આનવેલો લેહ-મનાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગ, સરહદ સડક સંગઠન – બીઆરઓ એ લશ્કરી વાહનો માટે ખુલ્લો મૂક્યો છે. બરફ સાફ કરવા માટે લેહમાં પ્રોજેક્ટ હિમાંક અને હિમાચલ પ્રદેશમાં પ્રોજેક્ટ દીપક શરૂ કરવામાં આવ્યો છે.

.................

## *PM - RAMKRUUSHNA*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વામી ગૌતમાનંદજી મહારાજને રામકૃષ્ણ મિશન અને રામકૃષ્ણ મિશનના પ્રમુખ તરીકે ચૂંટાઇ આવવા બદલ અભિનંદન પાઠવ્યા છે. એક સંદેશમાં તેમણે કહ્યું કે સ્વામીજી સમાજને તેમના જ્ઞાન અને કરૂણા દ્વારા સુંદર માર્ગદર્શન પૂરૂં પાડશે, એવી તેમને ખાત્રી છે.**

.................

## LADDAKH

લદ્દાખમાં ભારતીય લશ્કરે કરગિલ પર્યટન વિભાગના સહકારથી કરગિલ વિજય દિનની 25મી વર્ષગાંઠ નિમિત્તે હોમ્બોટિંગલા સ્થળ પર શ્રદ્ધાંજલી સમારંભનું આયોજન કર્યું. આ પ્રસંગે લદ્દાખ પોલીસના અપર મહાનિયામક એસ.ડી.સિંહ જામવાલે સેલ્ફી પોઇન્ટનું ઉદ્દઘાટન કર્યું. તેમણે કહ્યું કે સલામતી ક્ષેત્રે, ભારતીય લશ્કર સૌથી મોખરે રહે છે.

સ્થાનિક લોકો તેમજ પર્યટકોએ આ પહેલને ભારતીય લશકર પ્રત્યે એકતા અને પ્રશંસાનું શક્તિશાળી પ્રતીક ગણાવી છે.

.................

## *RBI*

ભારતીય રિઝર્વ બેન્કે  કોટક મહિન્દ્ર બેન્કને નવા ક્રેડિટ કાર્ડનો મુદ્દો તાત્કાલિક અમલથી પડતો મૂકવાનો આદેશ આપ્યો છે.

રિઝર્વ બેન્કે ઓનલાઇન અને મોબાઇલ બેન્કીંગ ચેનલો દ્વારા નવા ઉપભોક્તાઓને નવા ક્રેડિટ કાર્ડ આપવાનું બંધ કરવા કહ્યું છે.

રિઝર્વ બેન્કની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આ પગલું જરૂરી હતું. જો કે રિઝર્વ બેન્કે આ બેન્કના હાલના ઉપભોક્તાઓને તેમજ ક્રેડિટ કાર્ડ ઉપભોક્તાઓને આપવામાં આવતી સેવા ચાલુ રાખવાની પરવાનગી આપી છે.

.................